# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

## જૂના સચિવાલય પાસે, સેક્ટર-૧૦ બી, ગાંધીનગર

## મતદારોની માહિતી માટેની ચકાસણી યાદીની જાહેર નોટીસ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની આગામી સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માટે ચૂંટણી અધિકારી દ્વારા મતદાર યાદીઓ તૈયાર કરવાની કાર્યવાહી સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મારફતે કરાવવામાં આવેલ છે. મતદારોની માહિતી ચકાસણી યાદીની સુધારણા માટે તા.૩૧/૦૭/૨૦૨૪, ૧૧:૦૦ કલાક થી તા.૦૫/૦૮/૨૦૨૪ સાંજે ૧૮:૦૦ કલાક સુધી બોર્ડની વેબસાઈટ www.gsebeservice.com ઉપર ઓનલાઈન મૂકવામાં આવશે તેમજ દરેક જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીને પણ ઓનલાઈન પાઠવવામાં આવશે જેની રાજ્યના ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ માં દર્શાવેલ ખંડ ૧ થી ૯ના તમામ મતદારોને નોંધ લેવા જણાવવામાં આવે છે તેમજ મતદારોની માહિતી ચકાસણી યાદીનું વેરીફિકેશન અને જો વિગતમાં ક્ષતિ કે વિસંગતતા જણાય તો વાંધા માટે તક આપવામાં આવે છે. સદર સમયમર્યાદા બાદ કોઈપણ પ્રકારના સુધારા-વધારા થઈ શકશે નહી. જેની નોંધ લેવા પણ જણાવવામાં આવે છે. સુધારા–વધારા કરાવવા માટે મતદારે જરૂરી સુધારા – વધારા કરી શાળાના આચાર્યશ્રી મારફતે ખરાઈ કરાવી, સુધારા-વધારા અંગેના આધારો સહિત બોર્ડના ઈ-મેઈલ ghshebelection2024@gmail.com મારફતે મોકલવાનું રહેશે. જેની નકલ સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને પાઠવવાની રહેશે.

ઉપર મુજબની નિયત થયેલી સમય મર્યાદા પૂર્ણ થયે વાંધાઓનો નિકાલ કરી આખરી મતદાર યાદી પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી કરવામાં આવશે. આખરી મતદાર યાદી પ્રસિધ્ધિ બાદ કોઈ વાંધાઓ ગ્રાહ્ય રહેશે નહીં. જેની સૌ લાગતા વળગતાઓએ નોંધ લેવી.

Sd/-
(અર્ચના ચૌધરી)
ચૂંટણી અધિકારી અને સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

સ્થળ : ગાંધીનગર

તારીખ : 30/07/૨૦૨૪